**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૨ ડીગ્રી
લઘુતમ : ૧૮.૩ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૭૧ ટકા

# સિવિલમાં સોનોગ્રાફી માટે લાઈનો લાગી



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સોનોગ્રાફી વિભાગમાં દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. સોનોગ્રાફી માટે સવાર સાંજ ગણતરીના દર્દીઓને અંદર મોકલવા માટે સ્ટાફને હુકમ કરાય છે. ત્યારે કલાકોથી લાઈનમાં બેઠેલા દર્દીઓ અને સ્ટાફ કર્મચારીઓ વચ્ચે ઘર્ષણના બનાવ બને છે જયારે સોનોગ્રાફી વિભાગમાં છેલ્લા કેટલાક સમયથી ડોકટરોની અછત વર્તાય છે ત્યારે સોનોગ્રાફી વિભાગ માત્ર સિનીયર-જુનિયર રેસીડન્ટ ડોકટરથી ચલાવાય છે. ત્યારે સોનોગ્રાફીની સમસ્યાનો ઉકેલ તંત્ર દ્વારા તાત્કાલીક લાવવામાં આવે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સવાર-સાંજ થઈને અંદાજીત ૧૦૦થી વધુ દર્દીની સોનોગ્રાફી કરવામાં આવે છે. સવારે ઓપીડી દર્દીઓ અને તાત્કાલીક વિભાગમાંથી આવેલા દર્દીઓને સોનોગ્રાફી માટે પ્રાથમિકતા આપવામાં આવેછે જયારે બપોર બાદ ઈન્ડોર દર્દીઓને સોનોગ્રાફી માટે લઈ જવામાં આવે છે. સોનોગ્રાફી વિભાગમાં ૬૦થી વધુ દર્દથી કણસી રહેલા દર્દીઓ લાઈનમાં બેઠા હોય છે ત્યારે સ્ટાફની અંદરથી કહેવામાં આવે છે કે ગણતરીના દર્દીઓની સોનોગ્રાફી કરવામાં આવશે ત્યારે લાંબી લાઈનમાં બેઠેલા દર્દીઓની હાલત કફોડી બની જાય છે. તો બીજી તરફ સ્ટાફ અને દર્દીના સગાઓ વચ્ચે તુ તુ મૈં મૈં ના દશ્યો સર્જાય છે. ત્યારે સિવિલના અંતર્ગત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ તાજેતરમાં જીએમઈઆરએસ સોસાયટી દ્વારા ડોકટરની ભરતી કરવામાં આવી છે જેતી ટુંક સમયમાં રેડીયોલોજી વિભાગમાં પણ ડોકટરની ઘટ પુરવામાં આવશે તેમ લાગી રહ્યું છે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**મરજાવા**
૧૧.૪૫, ૫.૧૫, ૧૦.૪૫
**પાગલપંતી**
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૫, ૪.૦૫, ૬.૧૦, ૭.૧૦, ૯.૧૫, ૧૦.૧૫
**બાલા**
૧૦.૩૦, ૨.૩૦, ૮.૦૦
**હાઉસફૂલ-૪**
૯.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૦, ૧.૨૦, ૭.૨૫, ૧૦.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**મરજાવા**
૯.૪૫, ૧.૪૫, ૩.૩૦, ૭.૨૫, ૧૦.૩૫
**બાલા**
૧૧.૦૦, ૪.૩૫, ૧૦.૧૫
**હાઉસફૂલ-૪**
૧૨.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૧૦, ૭.૪૫, ૧૦.૨૦

**સિટી પલ્સ, કુડાસણ**

**મરજાવા**
૧૨.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
**હાઉસફુલ-૪**
૩.૪૫, ૯.૩૦
**બાલા**
૯.૪૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

# ઝુંડાલની સીમમાંથી વરલી-મટકાનુ જુગારધામ ઝડપાયુ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરનો અડીને આવેલા ઝુંડાલ ગામની સીમમાં છેલ્લા એક માસથી ચાલતા વરલી-મટકાના જુગાર પર સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં પોલીસે સ્થળ પરથી ૭ જુગારીઓની ધરપકડ કરી હતી. જયારે દરોડા સમયે ૧૨ ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂપીયા, મોબાઈલ અને વાહનો સહિત કુલ રૂ. ૪.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જયારે જુગારીઓ સામે ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળી હતી કે ઝુંડાલ ગામનો મંગો કોદરજી ઠાકોર વરલી-મટકાનો જુગાર રમાડે છે. જેથી ડીજી વીજીલન્સે રેઈડ કરતા અડ્ડા પર જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. જેમાં ૧૨ જેટલા જુગારીયાઓ અંધારાનો લાભ લઈ ખેતરો તરફ ભાગી ગયા હતા. જયારે ૭ ઈસમો પોલીસના હાથે પકડાઈ ગયા હતા. પોલીસને બનાવ સ્થળેથી ૧ રીક્ષા અને ૧૨ ટુ વ્હીલર મળી આવ્યા હતા. પોલીસના હાથે પકડાયેલા ૭ ઈસમોમાંથી ૨ ઈસમો તો પગાર પર કામ કરતા હતા. પોલીસે તેમની પુછપરછ બાદ અડ્ડાના મુખ્ય સૂત્રધાર મંગા કોદરજી ઠાકોર, યોગેશ બબાભાઈ પટેલ, અમરત બબાજી ઠાકોર, ગાભાજી ખોડાજી ઠાકોર, ભરત મગનજી ઠાકોર, દિવ્યેશ જયંતિલાલ શાહ, મનીષ કનુભાઈ નાયક, રજનીકાંત નટવરલાલ સોલંકીનો સમાવેશ થાય છે. જયારે પોલીસને ઘટના સ્થળેથી ૧૩ વાહનો, રૂ. ૬૦,૮૦૦ રોકડા, ૨ લખેલી તેમજ ૨૬ કોરી બુકો, ૬ મોબાઈલ કિ. રૂ. ૧૩,૦૦૦ મળી કુલ રૂ. ૪.૫૨ લાખનો મુદ્દામાલ પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સે-૪માં પ્રથમ માળે વૃધ્ધાએ રહેવાનું કહેતા પતિએ માર માર્યો

ગાંધીનગર, તા.૨૭

શહેરના સેકટર-૪ ખાતે અજીબો ગરીબ કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ૭૦ વર્ષીય વૃધ્ધાએ પોતાના મકાનમાં પ્રથમ માળે રહેવાનું કહેતા ઉશ્કેરાયેલા પતિએ વૃધ્ધાનો સામાન ઘરની બહાર ફેંકી દઈને અપશબ્દો બોલી ધોકા વડે માર માર્યો છે. સે-૪ ખાતે હોહા થતા આસપાસના વસાહતીઓ દોડી આવ્યા હતા અને વૃધ્ધાને વધુ મારમાંથી છોડાવ્યા હતા. વૃધ્ધાને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે સે-૭ પોલીસમથકે વૃધ્ધાએ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસસૂત્રો દ્વારા મળતી વિગત મુજબ સે-૪-એ પ્લોટ નં. ૧૦૧૮/૧ ખાતે વસવાટ કરતા સીતાબેન રમેશભાઈ ગોસાઈ (૭૦ વર્ષ)ના પતિનું ત્રણ માળનું મકાન છે. જેમાં નીચે તેઓ રહે છે. અને ઉપરના બે માળમાં ભાડુઆત રહે છે. જેમાં પ્રથમ માળે રહેતા ભાડુઆત મકાન ખાલી કરીને જતા રહેતા વૃધ્ધાએ પતિને ઉપરના મજલે રહેવા માટે સૂચન કર્યું હતું. ઉપરના માળે રહેવા જવાની વાત માત્રથી ઉશ્કેરાઈ ગયેલા રમેશભાઈએ સીતાબેનને અપશબ્દો બોલી તેમનો સામાન બહાર ફેંકી દીધો હતો. ત્યારબાદ તેઓએ સીતાબેનને કમર અને પગના ભાગે ધોકાનો માર માર્યો હતો. હોહા તથા દોડી આવેલા પાડોશીઓએ ઝઘડો શાંત પાડીને સીતાબેનને સારવાર માટે ૧૦૮ બોલાવી ગાંધીનગર સિવિલ ખસેડયા હતા. જયાં સારવાર બાદ સીતાબેને પોતાના પતિ સામે મારામારી અને જાનથી મારી નાંખવાની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# રીક્ષામાં મુસાફરને બેસાડી લુંટતી ટોળકીનો હાહાકાર

## ચિલોડાથી રીક્ષામાં બેસેલી મહિલાના ૧.૩૧લાખના દાગીના લઈ ગઠીયા ગાયબ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેર આસપાસના વિસ્તારમાં રીક્ષામાં મુસાફરોને બેસાડી નજર ચુકવી દાગીના તફડાવતી ટોળકી સક્રિય થઈ છે ત્યારે ચિલોડાથી ઘ-૭ જવા માટે રીક્ષામાં બેસેલી મહિલાના પાકીટમાંથી નજર ચુકવી રૂપિયા ૧.૩૧ લાખના લાગીના લઈ ગઠીયાઓ ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે મહિલાએ ચિલોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૨૪ સહયોગ એપાર્ટમેન્ટમાં રહેતા દક્ષાબેન વિજયસિંહ સિસોદીયા (૩૩ વર્ષ) રાજસ્થાન પોતાના વતન લગ્ન પ્રસંગે ગયા હતા. દક્ષાબેન ગતરોજ સાંજના સુમારે લકઝરી બસમાંથી ચિલોડા ખાતે ઉતર્યા હતા. ત્યારબાદ ગાંધીનગર તરફના માર્ગ પર તેમના પરિચિતભાઈ પણ મળ્યા હતા તે સમયે ત્યાં એક રીક્ષા આવી હતી. જેમાં ત્રણ સભ્યો મુસાફરના રૂપમાં અગાઉથી ગોઠવાઈ ગયા હતા જેથી દક્ષાબેન રીક્ષામાં પાછળની સીટમાં બેઠા હતા અને તેમના ઓળખીતા ભાઈ આગળની ડ્રાઈવરની પાસે બેઠા હતા. દક્ષાબેન રીક્ષામાં બેસીને પોતાની સાથે રહેલ સામાન પાછળની બાજુએ મુકતા હતા પરંતુ રીક્ષામાં બેઠેલા અંદાજીત ૨૫ થી ૩૫ વર્ષના પુરુષોએ બેગ પાછળ મુકવા દીધી ન હતી અને પગમાં મુકી હતી. જયારે પોતાની દિકરીને ખોળામાં બેસાડી હતી. લેકાવાડા એરફોર્સ પાસે આવતા જ અચાનક રીક્ષા બંધ પડી ગઈ હતી ત્યારબાદ રીક્ષા બગડી ગઈ છે તેમ કહી બધાને ઉતારી દીધા હતા. ત્યારબાદ રીક્ષા ચાલક થોડીવારમાં તરત લેકાવાડા પાટીયા પાસેથી નીકળી ગયો હતો. જયારે દક્ષાબેન અને ઓળખીતા ભાઈ અન્ય રીક્ષામાં બેસીને ગાંધીનગર પહોંચ્યા અને ઘરે પહોંચીને દક્ષાબેને બેગ ખોલતા સોનાના દાગીના ગુમ હતા જેમાં સોનાના આડ, ઝુમર, સેરવાળી બુટ્ટી, બે વીંટી સહિત કુલ રૂ. ૧,૩૧,૫૦૦ની કિંમતના દાગીનાની ચોરી થઈ હતી. બનાવ અંગે મહિલાએ ચિલોડા પોલીસને ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી રીક્ષા ગેંગને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



ગાંધીનગર લાયન્સ કલબ અને કર્ણાવતી આઈ હોસ્પિટલ દ્વારા ગાંધીનગર એસ.ટી ડેપો ખાતે મફત નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૨૫૭ દર્દીઓની તપાસમાં ૧૩ મોતિયાની ચકાસણી કરવામાં આવી હતી અને ઓપરેશન માટે આઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ૧૮૯ દર્દીઓને ચશ્મા રાહત દરે વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પના આયોજક લાયન્સ મેમ્બર્સ અમરતભાઈ પ્રજાપતિ હતા અને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

- સ્વ. ગોહિલ અરજનજી મહોતજી, ઉ.વ. ૫૯
- સ્વ. વાઘેલા અમરસિંહ રેવાજી, ઉ.વ. ૬૧
- સ્વ. અભેસિંહ ભુરૂભા વાઘેલા, ઉ.વ. ૬૯
- સ્વ. ઈન્દિરાબેન અભેસિંહ વાઘેલા, ઉ.વ. ૬૫
- સ્વ. ચાવડા માંઘીબેન વાલજીભાઈ, ઉ.વ.૮૫
- સ્વ. સોલંકી અંબાલાલ મોતીરામ, ઉ.વ. ૪૧



પાલજ ખાતે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રધ્ધાદીપ લેબોરેટરીના મહેન્દ્રભાઈ ગજ્જર તથા ટીમ દ્વારા સમગ્ર કામગીરી સંભાળવામાં આવી હતી. આ શિબિરમાં ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા તથા પાલજ ગામના પૂર્વ સરપંચ જી.એન. વાઘેલા અને ગામના આગેવાનોએ હાજર રહી સહકાર પૂરો પાડયો હતો.

# આજે ગાંધીનગર ખાતે માટીની કલાકૃતિ પ્રદર્શન અને જનજાગૃતિ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૭

રાજયના માટીકામ કલાકારોને પ્રોત્સાહિત કરવા અને માર્ગદર્શન આપવા માટે આવતીકાલ તા.૨૮/૧૧/૨૦૧૯ને ગુરૂવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ટાઉન હૉલ, ગાંધીનગર ખાતે માટીની કલાકૃતિ પ્રદર્શન અને જનજાગૃતિ શિબિરનું આયોજન કરાયું છે એમ, ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાનની યાદીમાં જણાવાયું છે.

આ કલાકૃતિ પ્રદર્શનનું ઉદઘાટન નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના હસ્તે કરાશે. આ વેળાએ અન્ન, નાગરિક પુરવઠો, કુટિર ઉદ્યોગ મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયા, અન્ન અને નાગરિક પુરવઠા અને કુટિર ઉદ્યોગ વિભાગના રાજય મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન દ્વારા રાજયના માટીકામ કરતાં કલાકારોને પ્રોત્સાહન આપવા તથા યોગ્ય બજાર મળી રહે એ માટે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. સંસ્થાન દ્વારા રાજયના છેવાડાના ગામ સુધી ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિઓનો ઉપયોગ વધે અને પી.ઓ.પી.ની મૂર્તિઓથી થતા પ્રદૂષણને અટકાવવા માટેના જનજાગૃતિ અભિયાનમાં ગુજરાત રોલ મોડલ બને તે માટે રાજયના માટીકામ કરતા કારીગરો દ્વારા ઉત્પાદિત માટીની મૂર્તિઓ, માટીના રમકડાં તથા ગૃહ સજાવટની વિવિધ પ્રકારની કલાકૃતિઓનું પ્રદર્શન-નિદર્શન તથા માર્ગદર્શન આ શિબિરમાં આપવામાં આવશે એમ, સંસ્થાનના અધ્યક્ષ શ્રી દલસુખભાઈ પ્રજાપતિ દ્વારા જણાવાયું છે.



ગાંધીનગર ખાતેની ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન-આઈઆઈટીના સ્ટાફ ડેવલપમેન્ટ સેલ દ્વારા કર્મચારીઓ માટે પંચમહાલના બાકોર ખાતેની કેમ્પસાઈટ ખાતે એડવેન્ચર કેમ્પ અને ટ્રેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૨ કર્મચારીઓ જોડાયા હતા. આ સાથે તેમણે સુંદરવનની મુલાકાત લઈ વન્ય જીવસૃષ્ટિ તથા પુરાતત્વીય સ્થળો અંગે પણ જાણકારી મેળવી હતી તેમજ વાવ-કુવા-ધોધ અને કડાણા ડેમની પણ મુલાકાત લીધી હતી. કર્મચારીઓએ સાંજે કેમ્પફાયરની પણ મોજ માણી હતી.

# ગાંધીનગર ખાતે એસ.એચ.જી બેંક લીંકેજ ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૭

**NIRD**-હૈદરાબાદ, **GLPC**-ગાંધીનગર તથા **DRDA** ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે જીલ્લા કક્ષાએ ફાઈનાન્સિયલ ઈન્કલ્યુઝન અંતર્ગત એસ.એચ.જી બેંક લીંકેજ ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં **DRDA** ગાંધીનગરના ડ્રીસ્ટ્રીક્ટ લાઈવલીહુડ મેનેજર શ્રી જીતેન પારેખ, ડીડીએમશ્રી, નાબાર્ડ, લીડ બેંક મેનેજરશ્રી, ડાયરેક્ટરશ્રી આર-સેટી ઉપસ્થિત રહ્યા હતા.

જીલ્લા કન્સલ્ટન્ટ એચ.બી. રાખસીયા દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું તેમજ આભારદર્શન સંગીતાબેન બામણીયા – એપીએમ(ડી) એમએફ દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં નેશનલ રિસોર્સ પર્સન અશોકકુમાર તથા આર.કે.અરોરાના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જીલ્લામાં કાર્યરત બેંક શાખાના મેનેજરશ્રીઓ, ડ્રીસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટરશ્રી, બેંક સખી તથા જીલ્લા/તાલુકા કક્ષાનાં એન.આર.એલ.એમ. સ્ટાફને ફાઈનાસીયલ ઈન્કલુઝન અને એસએચજી બેંક લીંકેજ અંગેનું પૂરતું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ગાંધીનગર એનઆરએલએમ શાખાનાં જે. કે. પટેલ, રણજીત મોચી, સ્મિતાબેન દવે, રીંપલબેન મકવાણા, આશાબેન પટેલ અને પ્રિયંકાબેન પ્રજાપતિએ કાર્યક્રમને સફળ બનાવવા અથાગ મહેનત કરી હતી.

# રવિવારે વિશ્વ દિવ્યાંગજન દિન ઉજવાશે

ગાંધીનગર, તા.૨૭

વિશ્વ દિવ્યાંગજન દિનની ઉજવણીના ભાગરૂપે સમદષ્ટિ, ક્ષમતા વિકાસ અને અનુસંધાન મંડળ ગાંધીનગર દ્વારા ૧લી ડીસેમ્બરના રોજ દિવ્યાંગ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ અને દિવ્યાંગો માટે જિલ્લા કક્ષાનું દિવ્યાંગ સંમેલન યોજાશે. આ દિવ્યાંગ સંમેલન સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી સે-૨૦ સ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે યોજાશે.

આ સંમેલનમાં દિવ્યાંગ ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ મેળવેલ દિવ્યાંગો માટે સન્માન ૧૧.૩૦ થી ૧૨.૩૦ દરમિયાન યોજાશે તથા સે-૨૦ થી છ-૫ સર્કલ અને પરત ચિલ્ડ્રન યુનિવર્સિટી સુધી અંદાજીત કુલ ૧ કિમી રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં ભાજપાના ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફીયા, રોટરી કલબના પ્રમુખ ડૉ. ધર્મેન્દ્ર પટેલ તથા શહેરના અગ્રણીઓ હાજર રહેશે. આ સંમેલનમાં ભાગ લેવા સંસ્થાના અધ્યક્ષ ભાનુપ્રસાદ ચૌહાણ દ્વારા જણાવાયું છે તથા આ પ્રસંગે કોઈ રજૂઆત કે પ્રશ્નો હોય તો લેખિતમાં લઈ આવવા જણાવાયું છે. સંસ્થા દ્વારા તા. ૩૧ નવેમ્બર સુધીમાં દિવ્યાંગ ક્ષેત્રે સિધ્ધિ મેળવેલ દરેકને ભાનુભાઈ ચૌહાણ ૯૮૯૮૫૯૪૩૫૦નો સંપર્ક કરી વિગતો મોકલી આપવા જણાવાયું છે.

# સ્વામિનારાયણ મંદિર સે-૨ ખાતે ૨૦મો વાર્ષિક પાટોત્સવ તથા રાત્રીય પારાયણ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

શહેરના સે-૨ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે ૨૦મો વાર્ષિક પાટોત્સવ ઉજવશે. તા. ૨૮ નવેમ્બરથી તા. ૧ ડિસેમ્બર સુધી યોજાનાર પાટોત્સવમાં પોથીયાત્રા, પારાયણ તેમજ સભા યોજાશે જે દરમિયાન ગુજરાતમાંથી સંપ્રદાયના સંતો હાજર રહેશે.

સ્વામિનારાયણ મંદિર સે-૨ ખાતે ૨૦મો પાટોત્સવ તા. ૨૮ નવેમ્બરથી તા. ૧ ડિસેમ્બર દરમિયાન યોજાશે. જે અંતર્ગત તા. ૨૮ નવેમ્બરના રોજ સાંજે ૫ કલાકે યજમાન બીપીનભાઈ મણિભાઈ પટેલના નિવાસસ્થાન પ્લોટ નં. ૩૬૦/૧, સે-૭-એથી નીકળી વાજતે ગાજતે કથા સ્થળે પહોંચશે. પાટોત્સવ દરમિયાન દરરોજ રાત્રે ૮ થી ૧૧ દરમિયાન શ્રીમદ ભાગવત દશમસ્કંધ ત્રીદિનાત્મક રાત્રીય પારાયણ યોજાશે તથા ૧ ડિસેમ્બરના રોજ આચાર્ય મહારાજના વરદહસ્તે સવારે ૬.૪૫ કલાકે ઠાકોરજીનો અભિષેક સવારે ૯.૧૫ કલાકે, શણગાર આરતી ૯.૧૫ કલાકે, કથા પ્રારંભ ૧૦.૩૦ કલાકે તથા તથા પૂર્ણાહુતી પ્રાસંગિક સભા સવારે ૧૦.૩૦ કલાકે અને બપોરે ૧૧ કલાકે અન્નકૂટ આરતી યોજાશે. આ પાટોત્સવ પ્રસંગે અ.સૌ. લક્ષીમી સ્વરૂપા પૂ. ગાદીવાળા દર્શન આપવા પધારશે. સમગ્ર પારાયણનું લાઈવ પ્રસારણ કાલુપુર મંદિરની યુ ટયુબ ચેનલ તથા ફેસબુક પર થશે.

# લોકરક્ષકનું પરિણામ જાહેર ન થતા ઉમેદવારોમાં રોષ

ગાંધીનગર, તા.૨૭

સરકારી પરીક્ષા બાબતે પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ નિરાશ જણાઈ રહ્યા છે. લોકરક્ષકની નવ હજારથી વધુ બેઠકો માટે દોઢ વર્ષ પહેલા લેવાયેલી પરીક્ષાના કોઈ ઠેકાણા ન પડતા ઉમેદવારો રોષે ભરાયા છે.

સરકાર દ્વારા લેવાયેલ લોકરક્ષકની પરીક્ષા પૂર્ણ થયા બાદ ભરતી બોર્ડ દ્વારા ગત મે મહિનામાં ઉમેદવારોના દસ્તાવેજની ચકાસણી માટે સૂચનાઓ આપવામાં આવી હતી. જેના બે મહિના પછી પરિણામ જાહેર કરવાના નવ દિવસના વાયદાની મુદત પૂર્ણ થયા બાદ ૪૫ દિવસનો વાયદો પણ નવેમ્બર માસમાં પૂર્ણ થઈ ગયો હોવાથી રોષે ભરાયેલા ઉમેદવારો આંદોલન કરવાના રસ્તા તરફ વળી રહ્યા છે.

લોકરક્ષકની પરીક્ષા બાબતની મળતી માહિતી અનુસાર પરીક્ષાની નવ હજારથી વધુ બેઠકો માટે ૬ જાન્યુઆરીના રોજ પરીક્ષા લેવામાં આવી હતી. ત્યારબાદ પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોમાંથી બેઠકના દોઢ ગણા ઉમેદવારોને દસ્તાવેજ ચકાસણી માટે મે મહિનામાં બોલાવવાનું શરુ કરવામાં આવ્યું હતું. આ પ્રક્રિયા બાદ પરિણામ જાહેર ન કરી ૯મી જુલાઈના રોજ ભરતી બોર્ડ દ્વારા સુચના આપવામાં આવી હતી કે જાતિ પ્રમાણપત્રની ચકાસણી કરવાની હોવાથી આશરે ત્રણ મહિનામાં રીઝલ્ટ આવશે. જે મુદત પણ પૂર્ણ થયા બાદ પરિણામ જાહેર કરવામાં આવ્યું નહિ. ત્યારબાદ ફરીથી સુચના આપવામાં આવી હતી કે અનુસૂતિ જનજાતિ કેટેગરીના ઉમેદવારોના દસ્તાવેજોની ચકાસણીની કામગીરી હજી કમિશનર, આદિજાતિ વિકાસની કચેરી પાસે ચાલી રહી છે. આ કાર્યવાહી આશરે ૪૫ દિવસની અંદર પૂર્ણ થઈ શકે જે નવેમ્બર માસના અંત સુધીમાં પૂર્ણ થવાની શકયતા છે. આમ ભરતી બોર્ડ દ્વારા પરિણામ જાહેર કરવા અંગેના ૯૦ દિવસ અને ૪૫ દિવસ એમ કુલ ૧૩૫ દિવસનો વાયદો પૂર્ણ થવા આવ્યો હોવા છતાં પરિણામ જાહેર કરવાના કોઈ સંકેતો ઉમેદવારોને ન જણાતા રોષ વ્યકત કરી રહ્યા છે.